## ભક્તિ વિશેષાંક

‘‘મારામય-મન્મય-મનવાળો થા, મારો ભક્ત, મારો પ્રેમી બન, મને યજ્ઞ કરનારો થા, મને નમસ્કાર કર, તું મને જ પ્રાપ્ત કરશે એવું મારું તને વચન છે, પ્રતિજ્ઞા છે, કારણ કે તું મને પ્રિય છે. સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને મારા એકલાને શરણે આવ. હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ, શોક કર નહીં. ’’

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

# અખિલ ભારત પત્રિકા


શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જુલાઈ-૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૧૦ સળંગ અંક ૩૯૬

# અનુક્રમ

## 'ભક્તિ' વિશેષાંક

### વિભાગ-૧ 'ભક્તિ' એટલે શું ?


ભક્તિ એટલે સંપૂર્ણ આત્મસમર્પણ ૩
ભક્તિ એ હૃદય તેમજ આત્માની અવસ્થા છે ૫
કૃતજ્ઞતાના ભાવ વગરની ભક્તિ અપૂર્ણ છે ૭


### વિભાગ-૨ પ્રભુ (પરમાત્મા)


WHO (કાવ્ય) ૮
બાહ્ય આભાસોની પાછળ રહેલી એક પરમ વાસ્તવિક સત્-તા ૧૨
પરમાત્માના ત્રણ સ્વરૂપો ૧૩
પ્રભુ વિશેનો પૂર્ણ ખ્યાલ ૧૪


### વિભાગ-૩ પાંગરતી ભક્તિ


પ્રભુ પરત્વે પાંગરતી ભક્તિ ૧૬
ઈષ્ટ દેવતાનો ખ્યાલ ૧૮
ઊર્ધ્વનો પ્રકાશ આપણી પાસે શેની માગણી કરે છે ? ૧૯
ઈશ્વર સાથે સતત અનુસંધાન ૨૧
માનવશરીરમાંના જીવનના સાત પરમ આનંદાનુભવો ૨૩
ભક્તની દિવ્ય પ્રકૃતિ ૨૫

❀

વૃત્ત વિશેષ ૨૮




# ભક્તિ એટલે સંપૂર્ણ આત્મસમર્પણ

ઈશ્વર પરત્વેની ભક્તિ, અનન્યભાવ એ છે પ્રેમ અને આરાધના, આત્માની પરમાત્માને પામવાની ઝંખના.

❀

ભક્તિ એની પરિપૂર્ણતામાં સંપૂર્ણ આત્મસમર્પણમાં પરિણમે છે.

❀

પ્રભુ તરફનો **સાચો પ્રેમ** એ તો આત્મસમર્પણ રૂપ હોય છે. તેમાં કશી માગણી હોતી નથી. શરણાગતિ અને સમર્પણથી તે ભરપૂર હોય છે. તે પ્રેમ કશો હક કરતો નથી, કોઈ શરતો નથી મૂકતો, કોઈ સોદો કરતો નથી. ઈર્ષા, અભિમાન કે ક્રોધની કોઈ ઉગ્ર વૃત્તિઓમાં તે રાચતો નથી કેમકે આ વસ્તુઓ તેના તત્ત્વમાં જ નથી. અને **આવા પ્રેમના બદલામાં** મા ભગવતી પણ પોતાની જાત આપે છે - અને આ આપવાની ક્રિયા તે એક આંતરિક પ્રકારનું રૂપ લે છે - તમારા મનમાં, તમારા પ્રાણમાં, તમારી શારીરિક ચેતનામાં તે પોતાનું સાંનિધ્ય મોકળે હાથે ભરી આપે છે. મા ભગવતીની દિવ્ય શક્તિ તમને દિવ્ય પ્રકૃતિમાં એક નવો જન્મ આપે છે. તમારી સઘળી ક્રિયાઓને તે પોતાના હાથમાં લઈ લે છે, પોતાની બાથમાં ઉપાડીને તમને તે પ્રભુ તરફ લઈ જાય છે. તમારા બધા ભાગોમાં, ઠેઠ સ્થૂલ સુધીમાં તમને આનો અનુભવ થાય, તમે તેને ધારણ કરી શકો એ રીતની **તમારે અભીપ્સા સેવવી જોઈએ.** અને આ બાબતમાં સમયની કશી મર્યાદા નથી, એની પરિપૂર્ણતાને કશી સીમા નથી. સાધક જો આ પ્રેમ માટે સાચી અભીપ્સા સેવે અને તેને મેળવી શકે તો પછી બીજા કોઈ હકદાવાને સ્થાન રહેતું નથી. કોઈ નિરાશ બનેલી કામનાને અવકાશ રહેતો નથી. તમે જો સાચોસાચ અભીપ્સા કરશો તો તમને એ પ્રેમ અચૂક મળવાનો જ છે. તમારી વિશુદ્ધિ જેમ જેમ વધતી જશે, તમારી પ્રકૃતિમાં તેને માટેનો જરૂરી ફેરફાર જેમ જેમ સધાતો જશે, તેમ તેમ તમને એ પ્રેમ વધુ ને વધુ મળતો જશે. **તમારા પ્રેમને** હર પ્રકારના સ્વાર્થી હકદાવાઓમાંથી, કામનાઓમાંથી મુક્ત રાખી વિશુદ્ધ રાખો, અને તમે જોશો કે તમારી અભીપ્સાના જવાબમાં તમારાથી ઝીલી શકાય તેટલો, તમારાથી પચાવી શકાય તેટલો પ્રેમ તમને ભરપૂર મળી રહ્યો છે.

**શ્રી અરવિન્દ**

(SABCL - Vol - 13, P - 269, Vol - 23, P - 799 and Vol - 25 - PP 181-82)



શ્રી માતાજી



# ભક્તિ એ હૃદય તેમ જ આત્માની અવસ્થા છે

ભક્તિ એ કોઈ અનુભૂતિ નથી, એ છે હૃદય તેમ જ આત્માની અવસ્થા. ચૈત્યપુરૂષ જ્યારે જાગ્રત થઈને અગ્રભાગે બિરાજે છે ત્યારે આ અવસ્થા સાધકને પ્રાપ્ત થાય છે.

❀

સામાન્ય શબ્દનો આપણે જે અર્થ કરીએ છીએ તે અર્થમાં ગોપીઓ એ સામાન્ય સ્ત્રીઓ નથી : તેઓ આધ્યાત્મિક ઉત્કંઠાનું મૂર્ત સ્વરૂપ છે; જે ઉત્કંઠાએ પોતાના પ્રેમની પરાકાષ્ઠા, અંગત ભક્તિ તેમ જ સંપૂર્ણ આત્મ-સમર્પણને લીધે વિલક્ષણતા ધારણ કરી છે. જે વ્યકિત પાસે આ ગુણ છે તે વ્યક્તિની બીજી બાબતોમાં (શિક્ષણ, વકતૃત્વ, પાંડિત્ય, બાહ્ય પવિત્રતા વગેરેમાં) ગમે તેવી નરમ પરિસ્થિતિ હોય તો પણ એ વ્યક્તિ સહેલાઈથી શ્રી કૃષ્ણની ભક્તિ કરી શકે છે, અને તેમને પામી શકે છે. ગોપીના પ્રતીકનો આ અર્થ છે એવું મને લાગ્યું છે. અલબત્ત, એના બીજા સંકેતો પણ છે - આ તો અનેક સંકેતોમાંનો એક છે.

**શ્રી અરવિન્દ**

## રાધાની પ્રાર્થના

તું કે જેની પ્રથમ દર્શને મારા સત્ત્વના સ્વામી અને મારા પ્રભુ તરીકે મને પિછાન થઈ તે મારા નૈવેદ્યનો સ્વીકાર કર.

તારા જ છે મારા સર્વ વિચારો. મારી સકળ ઊર્મિઓ, મારા હૃદયના સઘળા ભાવો, મારી બધી ઇંદ્રિયજન્ય અનુભૂતિઓ, મારા પ્રાણની તમામ ક્રિયાઓ, મારા દેહનો અણુએ અણુ, મારા રક્તનું બિન્દુ : બધું તારું જ છે. સર્વાંશે અને સર્વભાવે હું ત્વદીય છું. નિઃશેષપણે ત્વદીય છું.

મારે માટે તું જે ઇચ્છા કરીશ તે હું બનીશ. જીવન કે મરણ, સુખ કે દુઃખ, હર્ષ કે શોક, જે કંઈ તું મારે માટે પસંદ કરીશ, જે કંઈ તારી પાસેથી મને આવી મળશે, તે બધું હું વધાવી લઈશ. તારી અનેક બક્ષિસોમાંની પ્રત્યેક મારે માટે સદાય પરમ આનંદ લાવનારી દિવ્ય બક્ષિસ બની રહેશે.

**શ્રી માતાજી**

(SABCL, Vol-23, P - 776 & 797 and CWM - Vol-15 - P - 224)

The pure flame of gratefulness must always burn in our heart, warm, sweet and bright, to dissolve all egoism and all obscurity; the flame of gratefulness for the Supreme's Grace who leads the Sadhak to his goal - and the more he is grateful, recognises this action of the Grace and is thankful for it, the shorter is the way.

**The Mother**

***કૃતજ્ઞતાની નિર્મળ જ્યોતિ આપણા હૃદયમાં હંમેશ જલતી રહેવી જોઈએ. એ પ્રેમાળ, મધુર અને તેજસ્વી જ્યોત સર્વ પ્રકારના અહમ્ ભાવને તથા સર્વે દુર્બોધતાઓને ઓગાળી નાખશે. પરમાત્માની કૃપા, જે સાધકને એના ધ્યેય પરત્વે દોરી જાય છે, એ કૃપા પરત્વેની કૃતજ્ઞતાની જ્યોત હંમેશા જલતી રહેવી જોઈએ. અને સાધક જેટલો વધુ કૃતજ્ઞતાનો ભાવ ધારણ કરે, કૃપાના કાર્યને સ્વીકારે અને એના પરત્વે ઉપકૃત બને એટલો એનો માર્ગ ટૂંકો થતો જાય છે.***

***શ્રી માતાજી***

***White Roses @Huta Dt. 26.6.1964***



# કૃતજ્ઞતાના ભાવ વગરની ભક્તિ અપૂર્ણ છે

ભક્તિની સાથે સાથે બીજી પણ એક લાગણી સતત રહેવી જોઈએ... એ છે એક પ્રકારની કૃતજ્ઞતાની લાગણી. 'ભગવાનનું અસ્તિત્વ છે' - એ અદ્‌ભુત આભારવશતા જે તમને ઉચ્ચ આનંદથી સભર ભરી દે છે. ભગવાન છે. એ સત્ય જ તમારી અંદર આ આનંદ ભરી દે છે, આપણને જે દેખાય છે એ અત્યાચારોથી માત્ર આ જગત ભરેલું નથી; ભગવાન જેવી કોઈક વસ્તુ પણ છે જ; આ વિશ્વમાં એવી કોઈ સત્તા છે જે દિવ્ય છે, ઈશ્વરનું અસ્તિત્વ છે જ. અને જ્યારે જ્યારે આ લાગણી તમને સીધી કે આડકતરી રૂપે આ ઈશ્વરના અસ્તિત્વની વાસ્તવિક્તા સાથે સંપર્કમાં મૂકી આપે છે ત્યારે તમારું હૃદય એટલા તો ઉત્કટ અને અદ્‌ભુત આનંદથી, કૃતજ્ઞતાની એવી તો લાગણીથી ઉભરાઈ જાય છે કે દરેક વસ્તુમાં તમને અતિશય આનંદની લાગણી થાય છે.

કૃતજ્ઞતાની લાગણી જે આનંદ આપે છે એવો આનંદ બીજી કોઈ ચીજ આપી શકે એમ નથી. આપણે પંખીને ગીત ગાતું સાંભળીએ છીએ, સુંદર ફૂલ જોઈએ છે, નાના બાળક તરફ દૃષ્ટિ કરીએ છીએ, અથવા તો કોઈની ઉદારતા નિહાળીએ છીએ કે કોઈ સુંદર વાક્ય વાંચીએ છીએ, આથમતા સૂર્યને નિહાળીએ છીએ, કે એવું કંઈક પણ જોઈએ છીએ ત્યારે આપણામાં ઓચિંતી એક ગભીર, ઉત્કટ લાગણી ઉત્પન્ન થાય છે કે જગત ઈશ્વરનો આવિર્ભાવ કરી રહ્યું છે. આ જગતની પાછળ એવું કંઈક આવી રહેલું છે, જે ઈશ્વર છે.

મને તો એમ જણાયું છે કે કૃતજ્ઞતા વગરની ભક્તિ અપૂર્ણ જ છે. ભક્તિની સાથે સાથે કૃતજ્ઞતાની લાગણી જન્મવી જ જોઈએ.

**શ્રી માતાજી**

(Collected works of the Mother, vol. 8, P. 40)

# Who

In the blue of the sky, in the green of the forest,
Whose is the hand that has painted the glow ?
When the winds were asleep in the womb of the ether,
Who was it roused them and bade them to blow ?

He is lost in the heart, in the cavern of Nature,
He is found in the brain where He builds up the thought :
In the pattern and bloom of the flowers He is woven,
In the luminous net of the stars He is caught.

In the strength of a man, in the beauty of woman,
In the laugh of a boy, in the blush of a girl;
The hand that sent Jupiter spinning through heaven,
Spends all its cunning to fashion a curl.

These are His works and His veils and His shadows;
But where is He then ? by what name is He known ?
Is He Brahma or Vishnu ? a man or a woman ?
Bodied or bodiless ? twin or alone ?

We have love for a boy who is dark and resplendent,
A woman is lord of us, naked and fierce.
We have seen Him a - muse on the snow of the mountains,
We have watched Him at work in the heart of the spheres.

We will tell the whole world of His ways and His cunning :
He has rapture of torture and passion and pain;
He delights in our sorrow and drives us to weeping,
Then lures with His joy and His beauty again.



# કોણ

(ઝૂલણા)

નભપટે નીલિમા, ને અરણ્યે બધે હરિતતા હોય છે જે છવાઈ
તે તણી લાસ્યલીલા કહો કવણના કરતણી પિચ્છિકાએ રચાઈ ?
જે સમે ગગનના ગર્ભમાં પવનનો સાથ નિદ્રા હતો ગાઢ લેતો
તે સમે કોણ ઉદ્‌બોધતો તેમને, હુકમ વાવાતણો કોણ દેતો ?

લુપ્ત એ તો થઈ છે ગયો હૃદયમાં, લુપ્ત એ પ્રકૃતિના કંદરોમાં,
શિલ્પ રચતો વિચારોતણું જ્યાં રહી ત્યાં મળી આવતો મસ્તિકોમાં;
પુષ્પ પ્રાફુલ્લ્યને રૂપરચનોમહીં તેમનાં એ વણાઈ ગયો છે,
તારલાઓતણી ઝળહળત જાળની ભીતરે એ ઝલાઈ ગયો છે.

પુરુષના પૌરુષે એ પ્રકાશંત, પોતે જ સૌન્દર્યમાં સુન્દરીના,
બાલના હાસ્યમાં એ, શરમ-શેરડે લાલ ગાલેય એ બાળકીના,
જે કરે ગગનમાં ઘૂમતો છે કર્યો ગ્રહ બૃહસ્પતિતણો ચકરડીએ,
એક જુલફાતણા ઘડતરે એક જ સૌ વાપરી નાખતો ચાતુરી યે.

આ બધા એહનાં કાર્ય, અવગુંઠનો, એહની છાય છે માત્ર આ તો,
તો પછી એ સ્વયં કયાં ? કયા નામથી લોકમાં એ બધે ઓળખાતો ?
એ વિધાતા સ્વયંભૂ ? અગર વિષ્ણુ એ ? પુરુષ એ ? અગર છે અંગના એ ?
દેહધારી ? અગર દેહથી રહિત એ ? યમલ યા એકલો એક છે એ ?

શ્યામ ને શુભ્ર શિશુ એકને આપણી પ્રેમની ભાવના છે વરેલી,
સ્ત્રી દિગંબર અને દારુણા એક તો સ્વામિની આપણી છે બનેલી,
પર્વતોના બરફની પરે ધ્યાનમાં મગ્ન એને અમે દૃષ્ટ કીધો,
ગગન ગોલકતણા હૃદયમાં એહને કામ કરતો અમે જોઈ લીધો.

ચાલ ને ચાતુરી એહની તેતણી વાત જગ સર્વ આગળ કરીશું :
એ રિબાવી, કરી રોષ, ને દુઃખ દઈ હૃષ્ટ કેવો થતો એ વદીશું;
મુદિત અમ શોકથી, જાય હાંકી અમોને રડારોળ પ્રત્યેય આવી,
તદનુ નિજ નંદ ને સ્વીય સૌન્દર્યની પ્રતિ લઈ જાય કેવો લુભાવી.

All music is only the sound of His laughter,
All beauty the smile of His passionate bliss;
Our lives are His heart-beats, our rapture the bridal
Of Radha and Krishna, our love is their kiss.

He is strength that is loud in the blare of the trumpets,
And He rides in the car and He strikes in the spears;
He slays without stint and is full of compassion;
He wars for the world and its ultimate years.

In the sweep of the worlds, in the surge of the ages,
Ineffable, mighty, majestic and pure,
Beyond the last pinnacle seized by the thinker
He is throned in His seats that for ever endure.

The Master of man and his infinite Lover,
He is close to our hearts, had we vision to see;
We are blind with our pride and the pomp of our passions,
We are bound in our thoughts where we hold ourselves free.

It is he in the sun who is ageless and deathless,
And into the midnight His shadow is thrown;
When darkness was blind and engulfed within darkness,
He was seated within it immense and alone.

**Sri Aurobindo**



એ હસે છે તદા હાસ્યના સ્વરથકી સર્વ સંગીતનો જન્મ થાય,
ભાવભરપૂર એના મહાસુખતણું સ્મિત બની સર્વ સૌન્દર્ય જાય;
આપણા જીવનો ઉર-ધબક એહની, પ્રણયમંગળમિલન રાધિકાનું
કૃષ્ણ શું આપણું છે પ્રહર્ષણ, અને આપણો પ્રેમ ચુંબન ઉભેનું.

પ્રગટ રણ શિંગડાંના મહાઘોષમાં થાય છે શક્તિ તે એક છે એ,
એ રથારૂઢ બનતો, પ્રહારોમહીં પ્રાસના મારનારોય છે એ;
કસર રાખ્યા વગર એહ સંહારતો, ને છતાં છે દયાએ ભરેલો,
જગત ને જગતના અંત્ય ઉદ્દેશને અર્થ છે એહ યુદ્ધે ચઢેલો.

ભુવન પર ભુવનની ભવ્ય ગતિમાં, અને યુગ .પર યુગતણા ઉત્તરંગે,
એ અનિર્વાચ્ય, ઓજે ભર્યો, ગૌરવે ગાજતો રાજતો વિમલ અંગે,
સર કરેલા વિચારકવરે આખરી શૃંગની પારનો નિત્ય વાસી
એ સનાતન સમા સ્થિર રહેતા સ્વસિંહાસને રાજ રાજે વિભાસી.

પ્રભુ મનુષ્યોતણો એ અને એમને એહ છે પ્રેમથી ચાહનારો,
હોય જો દૃષ્ટિ તો આપણા હૃદયની નિકટમાં દર્શનો આપનારો;
કિન્તુ આપણ અહો ! અંધ સૌ ગર્વથી, અંધ આવેશ-આડંબરોએ,
મુક્ત જ્યાં જાતને માનતા ત્યાં બધા બદ્ધ નિજ ચિત્તનાં ચિંતનોએ.

જે અકાલાત્મ ને અમર છે સૂર્યમાં તે અવર કો ન, એ એક છે એ,
છાય એની છવાઈ બધે જાય છે મધ્યરાત્રિ થતી તે સમે યે.
અંધ જ્યારે હતું તિમિર, પેટાળમાં તિમિરકેરા ગળાયેલ, બાપ !
તે સમે તેહની ભીતરે એકલો એ હતો સ્થિત અનંતાત્મ આપ.

**અનુવાદક : શ્રી પૂજાલાલ** **શ્રી અરવિન્દ**

# જગતના બાહ્ય આભાસોની પાછળ રહેલી એક પરમ વાસ્તવિક સત્-તા

શ્રી અરવિન્દનું તત્ત્વદર્શન હિંદના પ્રાચીન ઋષિમુનિઓના તત્ત્વદર્શનથી પોતાનો આરંભ કરે છે. જગતના બાહ્ય આભાસોની પાછળ એક પરમ વાસ્તવિક સત્-તા અને ચેતના રહેલી છે. એ પરમ ચેતના સર્વ પદાર્થોનું અંતરતમ સ્વરૂપ છે. એ એક છે, શાશ્વત છે. એના અદ્વૈત સ્વરૂપમાં, એ આત્મતત્ત્વમાં સર્વ પ્રાણીઓ એકત્વ પામેલાં છે, એક રૂપે રહેલાં છે, પરંતુ તેઓ મન, પ્રાણ અને શરીરમાં આવતાં, પોતાના સાચા સ્વરૂપના તથા સત્યના જ્ઞાનને અભાવે, ચેતનાની અમુક પ્રકારની ભેદબુદ્ધિ દ્વારા એકમેકથી છૂટાં પડી ગયેલાં છે.

❋❋❋

ભગવાન એ એક સત્તા, એક પુરુષ છે, કોઈ અમૂર્ત અસ્તિત્વ નહિ, શુદ્ધ, કાલાતીત અનંતતાની કોઈ અવસ્થા નહિ; એ પેલું અસલ અને વિશ્વવ્યાપક અસ્તિત્વ છે જ, પણ એ અસ્તિત્વને, સત્નાં ચિત્ અને આનંદમાંથી અલગ કરી શકાય તેમ છે જ નહિ; અને પોતાના સત્ અને પોતાના આનંદ વિશે સચેતન એવું જે અસ્તિત્વ એને જ આપણે દિવ્ય અનંત પુરુષ કહીએ છીએ. વળી ચેતના માત્રમાં શક્તિ સમાએલી, એટલે કે અંતર્ગત હોય છે જ; જ્યાં જ્યાં સત્ની અનંત ચેતના ત્યાં ત્યાં સત્ની અનંત શક્તિ; અને વિશ્વમાં સર્વ કાંઈ અસ્તિત્વ ધરાવે છે એ એ શક્તિને લીધે જ. સર્વે સત્સ્વરૂપો આ પરમ સત્ને લીધે જ અસ્તિત્વ ધરાવે છે; વસ્તુમાત્ર એક ભગવાનનાં અનેક મુખ છે; વિચારમાત્ર, કર્મમાત્ર, ભાવમાત્ર, પ્રેમમાત્ર તેમાંથી જ ઉદ્ભવે છે અને તેમાં જ જઈ મળે છે; તેમનાં સર્વે પરિણામોનું મૂળ અને આધાર અને છૂપું ધ્યેય પણ એ જ છે. આ જ ભગવાન પ્રત્યે, આ જ પુરુષોત્તમ પ્રત્યે પૂર્ણયોગની ભક્તિ વહ્યા કરશે, ઊંચે ચડ્યા કરશે. પરાત્પરતામાં પહોંચતાં તે નિરપેક્ષ અદ્વૈતના પરમાનંદમાં તેને જ ઝંખશે; તો વિશ્વ-વ્યાપકતામાં પહોંચતાં અનંત ગુણોમાં અને પ્રત્યેક સ્વરૂપમાં અને સર્વે ભૂતોમાં વિશ્વવ્યાપી આનંદ અને પ્રેમ વડે તે તેને જ ઝંખશે; અને વ્યક્તિરૂપે તે વ્યક્તિ વ્યક્તિની વચ્ચે સર્જાતા વર્ગ માનવ-સંબંધો તેની સાથે જ બાંધશે.

**શ્રી અરવિન્દ**

(શ્રી અરવિન્દ અને એમનો આશ્રમ પૃ. ૭૪ અને યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૨ પૃ. ૭૦)



# પરમાત્માના ત્રણ સ્વરૂપો

આપણા માટે પરમાત્માના ત્રણ સ્વરૂપો છે :-

(૧) તે વૈશ્વિક આત્મતત્ત્વ અને આત્મા છે જે સર્વ વસ્તુઓ અને સ્વરૂપોમાં તેમ જ તેમની પાછળ રહેલો છે, જેમાંથી અને જેમાં સર્વ વસ્તુઓ વિશ્વમાં આવિર્ભાવ પામે છે - પરંતુ હાલ તો તે અજ્ઞાનમાં રહેલો આવિર્ભાવ છે.

(૨) તે આપણા સ્વરૂપનો આત્મા અને સ્વામી છે, જે આપણી અંદર રહેલો છે, જેની આપણે સેવા કરવાની છે અને આપણી સર્વ ગતિઓમાં તેની સંકલ્પશકિતને વ્યક્ત કરવાનું શીખવાનું છે જેથી કરીને આપણે અજ્ઞાનમાંથી (અંધકારમાંથી) પ્રકાશમાં વૃદ્ધિ પામી શકીએ.

(૩) પરમાત્મા પરાત્પર સત્ અને આત્મ તત્ત્વ, સર્વાનંદ, પ્રકાશ અને દિવ્યજ્ઞાન તથા શક્તિ છે, અને તે દિવ્ય અસ્તિત્વ અને તેના પ્રકાશ પ્રત્યે આપણે ઊર્ધ્વમાં ચડવાનું છે અને આપણી ચેતનામાં તથા જીવનમાં તે વાસ્તવિકતાને નીચે ઉતારી લાવવાની છે.

આપણી સામાન્ય પ્રકૃતિમાં આપણે અજ્ઞાનમાં જીવન ધારણ કરીએ છીએ અને પરમાત્માને જાણતા નથી. સામાન્ય પ્રકૃતિના બળો અદિવ્ય બળો છે કારણ કે તેઓ અહંકાર, કામના અને અચેતનતા માટેનો એક બુરખો તૈયાર કરે છે અને આ રીતે તે આપણાથી પ્રભુને ગુપ્ત રાખે છે.

એવી ઊર્ધ્વતર અને ઊંડાણપૂર્વકની ચેતના જે જાણે છે અને પ્રકાશિત રીતે પ્રભુમાં જીવન ધારણ કરે છે તેને પ્રાપ્ત કરવા માટે આપણે નિમ્ન પ્રકૃતિના બળોમાંથી મુક્તિ મેળવવી જોઈએ અને મા ભગવતીની દિવ્ય શક્તિ તરફ આપણી જાતને ખુલ્લી કરવી જોઈએ. તે વસ્તુ આપણી ચેતનાનું રૂપાંતર દિવ્ય પ્રકૃતિમાં કરશે.

આપણે પ્રભુ વિશેના આ ખ્યાલથી શરૂઆત કરવાની છે - તેના સત્યનો સાક્ષાત્કાર ચેતનાના ખુલ્લાપણાથી તથા તેના રૂપાંતરથી જ આવી શકે.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો - ભાગ-૨ પૃષ્ઠ ૧૦-૧૧)

# પ્રભુ વિશેનો પૂર્ણ ખ્યાલ

જો આપણો યોગ પૂર્ણયોગ જ હોય તો શરૂઆતથી જ આપણે પ્રભુનો ખુદ ખ્યાલ પણ પૂર્ણ જ રાખવો સારો. આપણા હૃદયમાં એવા વિશાળ સાક્ષાત્કાર માટે અભીપ્સા રાખવી કે જેમાં કોઈ સાંકડી મર્યાદાઓ ના હોય. આપણે દરેક જાતના સાંપ્રદાયિક, ધાર્મિક ખ્યાલોથી તો દૂર રહેવાનું જ છે, પણ એ અવર્ણનીય પ્રભુને કોઈ પણ મર્યાદિત માનસિક વર્ણનો દ્વારા બાંધી દેવાનો પ્રયત્ન કરતા હોય તેવા એકપક્ષી ચિંતનપ્રધાન ખ્યાલોથી પણ દૂર રહેવાનું જ છે. આપણા યોગની સાથે પૂરો બંધ-બેસતો થાય એવો, શક્તિથી ઝળહળતો ખ્યાલ, પ્રેરણા આપતો અર્થ તો સ્વાભાવિક રીતે, એ જ હોય કે જે પ્રભુને સચેતન, સર્વવ્યાપી અને છતાં સર્વથી પર એવી અનંતતા તરીકે વર્ણવતો હોય. આપણે ઊર્ધ્વમાં, મુક્ત, સર્વ-સમર્થ, સંપૂર્ણ, આનંદપૂર્ણ એ જ ''એક'' અને ''એકતા'' ઉપર નજર રાખવાની છે કે જેમાં સર્વ કાંઈ હરે છે, ફરે છે, જીવે છે, અને જેની દ્વારા સર્વ કાંઈ જોડાઈ શકે છે અને એકરૂપ થઈ શકે છે. આ સનાતનતા એક સાથે વ્યક્તિરૂપે અને અવ્યક્ત રૂપે આપણી આગળ છતી થશે અને આપણા આત્માને સ્પર્શ કરશે. એ વ્યક્તિરૂપ એટલા માટે છે કે તે, એ સચેતન પ્રભુ છે, અનંત પુરુષ છે કે જે પોતાની જાતનું ભાંગ્યું-તૂટ્યું બિંબ વિશ્વની આ કોટિ કોટિ, દિવ્ય અને અદિવ્ય, વ્યક્તિઓમાં પાડે છે અને એ અવ્યક્ત એટલા માટે છે કે એ આપણને એક અનંત સત્, ચિત્, આનંદ જણાય છે, વળી, એ સર્વે સત્તા અને સર્વે શક્તિઓનું આદિ મૂળ, પાયો અને ઘટક-તત્ત્વ છે : ખુદ આપણી જાત, આપણું મન, પ્રાણ અને શરીર આપણો આત્મા અને આપણો ભૌતિક પદાર્થ જેનાથી બનેલાં છે એ એ જ છે. વિચારોને એની ઉપર એકાગ્ર કરીને આપણે બૌદ્ધિક રીતે એટલું સમજીએ કે એ હયાત છે, અથવા એનો એક અમૂર્તતા તરીકે કે એક તાર્કિક જરૂરિયાત તરીકે ખ્યાલ મેળવીએ એ પૂરતું નથી; વિચારોને એવા કેળવવાના છે કે જેથી તેઓ તેને જોઈ શકે; અહીં, સર્વ કોઈમાં, તેને પ્રત્યક્ષ કરી શકે; આપણી જાતમાં તેનો સાક્ષાત્કાર કરી શકે; તેની શક્તિ જે કાંઈ કરી રહી છે તેને જોઈ શકે અને પકડી શકે. એ જ એકમાત્ર સત્તા છે; ઘટ ઘટનું ઘટક એ જ છે; એ જ છે એ આદિ આનંદ,- વિશ્વવ્યાપી અને વિશ્વથી પણ પર; સર્વ ચેતનાઓને ઘડનાર અને ચલાવનાર



અનંત ચેતના એ જ છે; સર્વ કર્મ અને અનુભવોને ધારણ કરનાર સીમાવિહીન સત્તા એ જ છે; એનો જ સંકલ્પ ઉત્ક્રાંતિને હજી તેના અસિદ્ધ, છતાં અનિવાર્ય ધ્યેય અને પરિપૂર્ણતા તરફ દોરી રહ્યો છે. એને જ પરમ પ્રિયતમ તરીકે સ્વીકારીને આપણું હૃદય સમર્પણ કરી શકે છે; એ જ એ પ્રેમના અનંત માધુર્યમાં, આનંદના ઊછળતા સમુદ્રમાં એ ધબકી શકે છે, વહી શકે છે. કારણકે સર્વ અનુભવોમાં આત્માને આધાર આપનાર ગુપ્ત આનંદ એ જ છે અને જ્યાં સુધી સર્વે શોક અને યાતનાઓનો અંત ના આવે ત્યાં સુધી સર્વે સંગ્રામો અને અગ્નિપરીક્ષાઓમાં આથડતા ખુદ અહમ્‌ને પોતાને નિભાવનાર પણ એ જ છે; અનંત અને દિવ્ય, પ્રેમીનો પ્રેમ અને આનંદ એ જ છે; વસ્તુમાત્રને પોતપોતાના માર્ગે દોરી, પોતાની સુખદાયક એકતામાં એક કરનાર એ જ છે. એ જ એ માર્ગદર્શક અને સિદ્ધિદાયક અદૃશ્ય શક્તિને આપણી સંકલ્પશક્તિ ચસક્યા વિના ચોંટી શકે છે; કારણ કે તેનાં સર્વ બળનું મૂળ એ જ છે. એ જ આ કાર્યસાધક શક્તિ છે કે જે અવ્યક્ત બ્રહ્મમાં સ્વયંપ્રકાશિત શકિતરૂપે વસેલી છે, જેમાં સર્વે સિદ્ધિઓ સમાએલી છે અને જ્યાં સુધી એ સિદ્ધ ના થાય ત્યાં સુધી પ્રશાંતિથી કાર્ય કરે છે; અને એ જ કાર્યસાધક શક્તિ વ્યક્તિઓમાં એક સર્વજ્ઞ, સર્વ-સમર્થ, યોગના અધિષ્ઠાતા તરીકે વસે છે; વ્યકિતઓને તેમનાં ધ્યેય પર પહોંચાડવાના તેના કાર્યમાંથી તેને રોકી શકવાની કોઈની તાકાત નથી. આ જ એ શ્રદ્ધા છે કે જેનાથી સાધકે પોતાની શોધ અને સાધના શરૂ કરવાની છે. કારણકે માણસોને, માનસિક માનવોને, પોતાના દરેક પ્રયત્નમાં, અને ખાસ કરીને તો, નહિ દેખાતા એ ભગવાનને શોધવામાં તેણે શ્રદ્ધાનો આશરો લીધા વિના છૂટકો નથી. જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે શ્રદ્ધા, દિવ્ય રીતે કૃતકૃત્ય થઈને અને સંપૂર્ણ બનીને પોતે જ જ્ઞાનની સનાતન જ્યોતિમાં રૂપાંતર પામી જાય છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય ગ્રંથ - ૧ પૃષ્ઠ ૯૪ થી ૯૬)

# પ્રભુ પરત્વે પાંગરતી ભક્તિ

**પ્રશ્ન** : શુદ્ધ અને સંપૂર્ણ ભક્તિભાવ કેવી રીતે પ્રાપ્ત કરવો ?
**ઉત્તર** : સૌ પ્રથમ શાન્ત બની રહો – પછી એ શાંતતામાંથી અભીપ્સા સેવો અને તમારી જાતને શાંતિપૂર્વક તેમજ નિષ્ઠાપૂર્વક માતાજી પરત્વે અભિમુખ કરો.

❋

માનસિક આતુરતા તમને અકળાવી મૂકે એમ થવા દેશો નહિ. માતાજીની શક્તિનું કાર્ય શરૂ થાય એ માટે રાહ જુઓ. એ શક્તિનું કાર્ય તમારા હૃદયકમળને ખુલ્લું કરી આપશે. ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશમાં તમારા અંતરમાં ભક્તિ પાંગરતી જશે.

❋

પ્રભુના સેવક બનવું એ ઠીક છે; પ્રભુના ગુલામ બનવું એ જ ખરી મહત્તા છે.

❋

પ્રેમ તો આપણને અનેક રીતે આવી મળે છે; તે, પ્રિયતમના સૌંદર્યના ભાનરૂપે જાગી ઊઠે, કે તેની આદર્શ મૂરત કે મૂર્તિરૂપે દર્શન દે, કે દુનિયાનાં હજાર હજાર વસ્તુ-મુખની પાછળથી પોતાનો ટહુકાર સંભળાવે, કે હૃદયની ધીમે ધીમે ઊઘડતી કે ઓચિંતી ઊઘડી જતી ભૂખરૂપે જાગી જાય, કે આત્મામાં કોઈક અસ્પષ્ટ તૃષા જગાડે, કે કોઈક આપણી પાસે ઊભું રહીને આપણને પ્રેમપૂર્વક બોલાવી રહ્યું છે કે પાછળ પડી રહ્યું છે, અથવા, આપણે જેને શોધવી જ પડશે એવી કોઈક આનંદમૂર્તિ કે સૌંદર્યમૂર્તિ પાસે જ ફરી રહી છે એવું ભાન જગાડે.



આપણે તેને ઊછળતા આવેગથી શોધીએ અને એ વણદેખ્યા પ્રિયતમનો પીછો પકડીએ તે શક્ય છે; પણ એ પણ શક્ય છે કે જેનો આપણે વિચાર સરખો ય ના કરતા હોઈએ તેવો પ્રેમી પોતે પણ આપણને શોધતો ફરતો હોય અને દુનિયાના ભરબજાર વચ્ચે આપણને પકડી પાડે, અને પહેલાં તો આપણને ના પણ ગમે (કે ગમે ય ખરું) તો ય આપણને બાઝી જ પડે. અરે, એ તો પહેલાં આપણી સમક્ષ એક દુશ્મન તરીકે પણ આવે – ક્રોધથી ભર્યો ભર્યો – પ્રેમનો ક્રોધ, અને આપણો તેની સાથેનો સંબંધ શરૂ થાય ઝપાઝપી અને મારંમારીથી. અને પ્રેમ અને આકર્ષણથી શરૂઆત થઈ હોય તોપણ ભગવાન સાથેના આત્માના સંબંધમાં ગેરસમજૂતી અને રીસ, ઈર્ષ્યા અને ક્રોધ, તકરાર અને પ્રેમકલહ, આશા અને નિરાશા અને અદર્શન અને વિરહની વેદના ઘણા વખત સુધી વચ્ચે આવ્યા કરે પણ ખરાં. આપણે આપણા હૃદયના સર્વે આવેગોને તેની તરફ ઊભરાવા જ દઈએ કે જેથી છેવટે તેઓ આનંદ અને અદ્વૈતની નરી મસ્તીનું શુદ્ધ સ્વરૂપ ધારણ કરી લે. પણ તો ય તે બની રહે છે એક એકધારી અવસ્થા. પણ દિવ્ય પ્રેમના આનંદમાં જે સમગ્ર નિરપેક્ષ અદ્વૈત તથા જે સનાતન વિવિધતાઓ રહેલી છે તેનું વર્ણન કરવું એ માનવવાણી માટે અસંભવિત છે. આપણા ઊર્ધ્વ તેમ જ નિમ્ન, બંને જાતનાં અંગો તેનાથી ઊભરાઈ જાય છે; અને આત્માના કરતાં મન અને પ્રાણ કાંઈ ઓછાં ઊભરાઈ જતાં નથી; ખુદ ભૌતિક દેહને પણ એ આનંદનો ભાગ મળે છે, તે પણ તેનો સ્પર્શ અનુભવે છે, તેનાં સર્વે અંગો, રગેરગ અને નાડીએ નાડી તેના આનંદના સોમરસથી, અમૃતથી ચકચૂર બની જાય છે. પ્રેમ અને આનંદ એ જ છે અસ્તિત્વની આખરી વાત, તેના ભેદનો પણ ભેદ, તેના રહસ્યનું પણ રહસ્ય.

(SABCL - Vol - 25 - P-184, Vol-17-P-142 અને
યોગમાર્ગોનો સમન્વય – ગ્રંથ-૨ પૃષ્ઠ – ૭૬-૭૭)

# ઈષ્ટ દેવતાનો ખ્યાલ

હૃદય જે ઝંખે છે તેની સમસ્ત અને સંપૂર્ણ સમગ્રતાને પહેલેથી જ પકડી પાડવાનું શક્ય ના પણ બને; હકીકતમાં તો, જો આપણા પૂર્વ જીવનના પરિણામે આપણી બુદ્ધિ, મનોવૃત્તિ અને ઊર્મિભર્યું ચિત્ત વિકાસ સાધીને વિશાળ અને સૂક્ષ્મ બનેલાં હોય તો જ એ શક્ય છે. અને આપણા સામાન્ય જીવનની રહેણીકરણીએ આપણી બુદ્ધિને, રસવૃત્તિને, ઊર્મિભર્યા ચિત્તને તેમ જ આપણાં સંકલ્પ-સાધક અને સક્રિય અંગોને પણ વિશાળ બનવાની તાલીમ આપીને આ જ પરિણામ લાવવાનું છે. આવી તાલીમ આપણી સામાન્ય જાતને વિશાળ અને સંસ્કારી બનાવે છે કે જેથી, જે પેલો પરમપુરુષ પોતાના પ્રાગટ્ય માટેના મંદિર તરીકે તેને તૈયાર કરી રહ્યો હતો તેના સમગ્ર સત્ય પ્રત્યે તે સરળતાથી ખૂલી જાય. સામાન્ય રીતે માનવનાં આ બધાં અંગો ઘણાં પરિમિત હોય છે અને પોતાની પ્રકૃતિ તથા તેના પૂર્વ-વિકાસ અને પૂર્વ-સંસ્કારની સાથે ઠીક ઠીક બંધબેસતું હોય તેટલી માત્રામાં જ દિવ્ય સત્યને શરૂઆતમાં પકડી શકે છે. તેથી ભગવાન પણ, શરૂઆતમાં, આપણને પોતાના દિવ્ય ગુણો અને પ્રકૃતિમાંથી પરિમિત અભિવ્યક્તિવાળાં જ વિવિધ સ્વરૂપે આવી મળે છે. સાધક સમજી શકે તથા તેની સંકલ્પ-શક્તિ અને હૃદય ઝીલી શકે તેવી જે બાબતો હોય તેની નિરપેક્ષતાને ધારણ કરીને તે તેની સમક્ષ પ્રત્યક્ષ થાય છે, તેના ભગવાન-સ્વરૂપના કોઈક નામરૂપને તે પ્રગટ કરે છે. યોગમાં તેને જ ઈષ્ટ-દેવતા, એટલે કે આપણી પ્રકૃતિએ પોતાના પૂજા-પાત્ર તરીકે પસંદ કરેલ ભગવાનનું કોઈક નામ અને સ્વરૂપ કહે છે. માનવ, ભગવાનના સ્વરૂપને પોતાના પ્રત્યેક અંગથી ભેટી શકે એટલા માટે તે એવું રૂપ ધારણ કરે છે જેમાં તેના પૂજકે ઇચ્છેલા ગુણ અને સ્વરૂપ રજૂ થતાં હોય અને જે, તેને મન, ભગવાનનો જીવંત દેહ હોય. આ જ હોય છે વિષ્ણુ, શિવ, કૃષ્ણ, કાલી, દુર્ગા, ક્રાઈસ્ટ કે બુદ્ધનાં સ્વરૂપો કે જેને માનવ-મન પોતાના આરાધ્ય દેવ તરીકે સ્વીકારે છે. માત્ર એક જ પ્રભુમાં માનનારા સંપ્રદાયવાળા લોકો કે જે ભગવાનનું કોઈ પણ મૂર્ત સ્વરૂપ સ્વીકાર્યા વિના તેની પૂજા કરે છે તેઓ પણ તેનું કોઈક ગુણપ્રધાન સ્વરૂપ, કોઈક માનસ-સ્વરૂપ, પ્રકૃતિનું કોઈક સ્વરૂપ સ્વીકારે છે કે જેના વડે તે તેને આંખ સામે રાખી શકે, તેની સમીપ જઈ શકે. પણ ભગવાનના કોઈ એક જીવંત મૂર્ત



સ્વરૂપને, જાણે કે તેના કોઈ મન-કલ્પિત દેહને નજર સમક્ષ રાખી શકવાથી સાધનામાં અંગતતા અને મધુરતાનો ઓર વધારો થાય છે.

ભક્તિ દ્વારા થતા પૂર્ણયોગની રીત આવી છે : ઈષ્ટ-દેવતા અંગેના આ ખ્યાલને પૂરો વ્યાપક બનાવવો; તેની સાથે અનેકગણો અને સર્વાંગી સંબંધ બાંધીને તેને અતિ ગાઢ રીતે અંગત બનાવવો; આપણી સમસ્ત જાત સમક્ષ તેને સતત રીતે ધ્યાનમાં રાખવો; તથા આપણી સમસ્ત જાત તેને જ અર્થે વાપરવી, તેને સોંપી દેવી, તેને સમર્પણ કરવી, કે જેથી તે આપણી સમીપ અને આપણી અંદર નિવાસ કરે અને આપણે નિવાસ કરીએ તેની સમીપ અને તેની અંદર.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૨ પૃષ્ઠ ૭૦ થી ૭૨)

# ઊર્ધ્વનો પ્રકાશ આપણી પાસે શેની માગણી કરે છે ?

પણ આપણે હજી સુધી જેને જાણતા નથી એની ઉપર એકાગ્ર થવાય કેવી રીતે ? તો વળી, જ્યાં સુધી આપણી જાતને આપણે પ્રભુ પર એકાગ્ર ના કરીએ ત્યાં સુધી આપણે તેને જાણી પણ કેવી રીતે શકીએ ? એક એવી એકાગ્રતા કે જે પોતે જ છેવટે જીવંત સાક્ષાત્કાર થઈને ઊભી રહે, અને આપણી જાતમાં, અને આપણે બીજું જે કાંઈ જાણીએ છીએ એ સર્વમાં, પ્રભુની હાજરીની સતત અનુભૂતિઃ એ છે યોગમાં થતો ''જ્ઞાન'' અને ''જ્ઞાન'' - ની શોધનો અર્થ. શાસ્ત્રો વાંચીને કે ચિંતનભર્યા તર્કનો આશરો લઈને પ્રભુને બૌદ્ધિક રીતે સમજવા મંડ્યા રહેવું એ પૂરતું નથી; એવી અથાગ માનસિક મહેનતને અંતે, આપણે, સનાતન પ્રભુના વિશે જે કાંઈ કહેવાનું હોય તે જાણી શક્યા હોઈએ, અનંત પ્રભુના વિશે જે કાંઈ વિચારી શકાય તે પણ મેળવ્યું હોય, અને છતાંય તેના વિશે આપણે કાંઈ જ જાણ્યું ના હોય એમ પણ બને. આવું બૌદ્ધિક ખેડાણ એ કોઈ પ્રબળ યોગની પહેલી ભૂમિકા જરૂર બની શકે, પણ એ કાંઈ અનિવાર્ય નથી; એ કોઈ એવી તૈયારી નથી કે

જે બધાએ કરવી જ જોઈએ, કે બધાની પાસે કરાવવામાં આવતી જ હોય. અનુમાન કે ચિંતન કરીને મેળવેલ બૌદ્ધિક જ્ઞાન એ જો યોગસાધનાની અનિવાર્ય શરત કે ફરજિયાત ભૂમિકા હોત તો, જૂજ અપવાદ સિવાય, કોઈ જ યોગ ના કરી શકત. ઊર્ધ્વનો પ્રકાશ આપણી અંદર તેનું કાર્ય કરી શકે એટલા માટે એ બે જ માગણી કરે છે : આત્માનો સાદ અને મનમાં ઠીક ઠીક ધારણ-શક્તિ. મનમાં પ્રભુનું સતત ચિંતન કરીને, ગતિશીલ ભાગોમાં એવી જ એક સંકલ્પ-શક્તિ ભેગી કરીને અને હૃદયમાં એક અભીપ્સા, એક શ્રદ્ધા, એક ભૂખ જાગ્રત કરીને આ ધારણ-શક્તિ મેળવી શકાય. જો ત્રણેય બાબતો એક થઈને કે એક તાલમાં આગળ ના વધે તો એમ પણ બને કે ગમે તે એક દોરવણી આપે, કે આગળ પડતી બને. શરૂઆતમાં, ચિંતન પૂરતું ના હોય-, અને ના જ હોય-, અભીપ્સા પણ નાની અને કાચી હોય, શ્રદ્ધામાં પૂરતો પ્રકાશ ના હોય, અથવા, જ્ઞાનના ખડક પર તેનો પાયો મંડાએલો ના હોઈ વત્તી-ઓછી થતી હોય, આનાકાની કરતી હોય કે સહેલાઈથી ઓસરી જતી પણ હોય; કદીક એ સમૂળગી ઓલવાઈ પણ જાય અને ફૂંકાતા પવનમાં બુઝાઈ ગએલી મશાલની માફક એને મહામુશ્કેલીએ ફરી ફરીને પેટાવવી પડે એમ પણ બને. પણ જો, એક વાર અંતરમાં ઊંડે ઊંડે પણ આત્મસમર્પણનો સંકલ્પ થઈ ગયો હોય, જો આત્માના સાદથી જાગી જવાયું હોય તો એ બધી કાચી કાચી બાબતો પણ પ્રભુને કામ કરવા માટેનાં પૂરતાં સાધનો બની શકે છે. એથી જ શાણા પુરુષો ભગવાનને રસ્તે જનારના માર્ગમાં મર્યાદા મૂકતાં વિચાર કરશે, પ્રવેશ કરવા માટેના એના નાનામાં નાના બારણાને, નીચામાં નીચા અને અંધારિયા બાકોરાને, કે ખુદ ડોકાબારીને પણ બંધ નહિ કરે. જો સમર્પણ-ભાવ હોય તો ગમે તે નામે, ગમે તે રીતે, ગમે તે રૂપે, અને ગમે તે વસ્તુ અર્પણ કરવામાં આવે એટલું પૂરતું છે; કારણ કે સાધકના હૃદયમાં બેઠેલો ભગવાન, બધું જ સમજે છે અને બધી જ ભેટ સ્વીકારે છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ - ૧ પૃષ્ઠ ૯૩-૯૪)



# ઈશ્વર સાથે સતત અનુસંધાન

મનન અને દર્શન; એટલે કે દરેક બાબતમાં તેને જ અંગેના વિચાર કરવા તથા સદા અને સર્વદા તેને જ જોતા રહેવો એ આ જાતના ભક્તિમાર્ગમાં બિલકુલ જરૂરી છે. આપણે જ્યારે ભૌતિક પ્રકૃતિના પદાર્થોને જોઈએ ત્યારે તેમાં આપણે આપણા દિવ્ય પ્રિયતમને જોવાનો છે; જ્યારે મનુષ્યો અને પ્રાણીઓને જોઈએ ત્યારે તેમનામાં અને તેમની સાથેના આપણા સંબંધોમાં આપણે તેને જ જોવાનો છે, કે જેથી આપણે જોઈ શકીએ કે આપણે તેનાં જ સ્વરૂપો સાથે સંબંધ બાંધી રહ્યાં છીએ; આપણા જાણીતા ભૌતિક જગતમાંથી બહાર નીકળી તેની ઉપર ચાલ્યા જઈએ, અથવા તો અન્ય જગતોની સત્તાઓ સાથે સંબંધમાં આવીએ ત્યારે પણ આ જ મનન અને દર્શનને આપણા મન સમક્ષ પ્રત્યક્ષ રાખવાનું છે, જે મન ભૌતિક અને દૃશ્ય પદાર્થોને જ તથા સામાન્ય અને પાંગળા સંબંધોને જ સ્વીકારે છે અને તેમની અંદર છુપાએલા ભગવાનને સ્વીકારી શકતું નથી તે મનની આ સામાન્ય ટેવને, વ્યાપક પ્રેમ અને આનંદના સતત મારાથી કાઢી નાખવાની છે, જેથી તેની જગ્યાએ આ ઊંડી અને વિશાળ સમજ તથા આ ઉચ્ચ સંબંધ સ્થાપિત થાય. જે એકમાત્ર દેવતાને આપણે આપણા દિલથી અને સમસ્ત જાતથી પૂજીએ છીએ તેને જ સર્વે ઇષ્ટ-દેવતાઓમાં જોવાનો છે; કારણ કે તેના જ દેવત્વનાં તેઓ વિવિધ સ્વરૂપો છે. આપણી આધ્યાત્મિક બાથને આમ વિશાળ કરવાથી આપણે એવી કક્ષાએ પહોંચી જઈએ છીએ કે જ્યાં સર્વ કાંઈ ''તે'' પોતે જ હોય છે અને જ્યાં આ ચેતનાનો આનંદ એ જ બની રહે છે દુનિયાને જોવાની આપણી સહજ અને સતત રીત. એથી આપણને મળી રહે છે તેની સાથેની આપણી એકરૂપતાની બાહ્ય અને પરલક્ષી, વિશ્વવ્યાપી વિશાળતા.

અને આંતરિક રીતે આપણા આ જ પ્રિયતમની પ્રતિમા આપણાં આંતર-ચક્ષુ સમક્ષ ખડી થવી જોઈએ કે જે આપણને તેનો નિવાસ બનાવી તેમાં વસેલો છે; તે જ આપણા હૃદય સમક્ષ પોતાના માધુર્ય વડે પોતાની પ્રત્યક્ષતા છતી કરતી હોય, આપણી જાતનાં શિખર-સિંહાસન પર એક સખા, સ્વામી અને પ્રિયતમ તરીકે બેસી આપણાં મન અને પ્રાણની સર્વે પ્રવૃત્તિઓનો અધિષ્ઠાતા બન્યો હોય, ઊર્ધ્વમાં રહીને પોતાના વિશ્વવ્યાપી સ્વરૂપ સાથે આપણને સાંકળી રહ્યો હોય. સતત, આંતરિક આપ-લેને એક

ગાઢ અને સ્થાયી અને સદા-મોજૂદ આનંદ બનાવી દેવાનો છે. આપ-લેના આ સંબંધને એક એવી અપવાદરૂપ સમીપતા અને આરાધાના તરીકે મર્યાદિત નથી કરી નાખવાની કે જે, આપણે જ્યારે સામાન્ય પ્રવૃત્તિઓમાંથી પૂરા પાછા હઠી આપણા અંતરમાં પ્રવેશીએ ત્યારે જ મળે; કે તેમને નથી પામવાની આપણા માનવ-વ્યાપારોનો પરિત્યાગ કરીને, આપણા સર્વે વિચારો, આવેગો, લાગણીઓ, કર્મો એ બધું જ, તેની હા કે ના મેળવવા તેની સમક્ષ રજૂ કરવાનું છે; અથવા તો, હજી જો આપણે એટલે ઊંચે ના પહોંચી શકતા હોઈએ તો, એ બધું જ આપણા અભીપ્સા-યજ્ઞ દ્વારા તેને અર્પણ કરવાનું છે કે જેથી તે આપણામાં વધુ ને વધુ ઊતરતો રહે, તે બધાંમાં વધુ ને વધુ પ્રત્યક્ષ થતો રહે, અને પોતાના પૂરા સામર્થ્ય અને સંકલ્પ સાથે, પ્રકાશ અને જ્ઞાન સાથે, પ્રેમ અને આનંદ સાથે તેમનામાં વધુ ને વધુ પ્રસરતો રહે. છેવટે આપણા સર્વે વિચારો, આવેગો, લાગણીઓ, અને કર્મો તેનામાંથી જ ઉદ્‌ભવતાં જશે અને પોતાનાં દિવ્ય બીજ અને સ્વરૂપમાં પલટાતાં જશે. આપણા સમગ્ર આંતર-જીવનમાં આપણે એટલા સચેતન થઈ ગયા હોઈશું કે જેથી આપણી જાત તેનાં જ અંગરૂપ લાગતી હશે, અને છેવટે તો આપણા આરાધ્ય ભગવાનના અસ્તિત્વની અને આપણા પોતાના જીવનની વચ્ચે કોઈ ભેદભાવ રહ્યો નહિ હોય. એ જ પ્રમાણે જે કાંઈ બને તે સર્વેમાં આપણા દિવ્ય પ્રિયતમના આપણી સાથેના વ્યવહારને જોતાં શીખવાનું છે અને તેમને એવા તો માણતાં શીખવાનું છે કે જેથી ખુદ દુઃખ અને યાતનાઓ અને શારીરિક દર્દ સુદ્ધાં તેની બક્ષિસ-રૂપ બની રહે, આનંદ પ્રત્યે દોરતાં રહે અને છેવટે, પ્રભુના દિવ્ય સંપર્કના ભાનનો પ્રહાર પામી ખુદ પોતે જ આનંદમાં પલટાઈ જાય; કારણ કે તેનો હસ્તસ્પર્શ એ તો ચમત્કારપૂર્ણ રૂપાંતર કરી નાખતો જાદુઈ કિમિયો છે. કેટલાક લોકો જીવનનો ત્યાગ એટલા માટે કરે છે કે તે શોક અને દુઃખથી દૂષિત છે, પણ પ્રભુપ્રેમી સમક્ષ તો શોક અને દુઃખ એ તેનાં મિલનનાં સાધન બની જાય છે, તેના દબાણની નિશાની બની જાય છે, અને છેવટે, જ્યારે પ્રભુની પ્રકૃતિ સાથેનું આપણું અદ્વૈત એટલું તો પરિપૂર્ણ થઈ જાય કે જેથી વિશ્વવ્યાપી આનંદની ઉપરના આ અંચળાઓ તેને જરા પણ ઢાંકી ના શકે ત્યારે તેમનો તુરત જ અંત આવી જાય છે; તેઓ જ પરમ-આનંદમાં પલટાઈ જાય છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૨ પૃષ્ઠ ૭૨-૭૩)



# માનવ શરીરમાંના જીવનના સાત પરમ આનંદાનુભવો

**ગુરુરૂપી પ્રભુનું શિષ્યપદ, પિતારૂપી પ્રભુનું પુત્રપદ, માતારૂપી પ્રભુની કોમળતા, દિવ્ય સુહૃદના હાથનો સઘન આશ્લેષ, આપણા બિરાદર અને રમતના ભેરુ સાથે ખેલકૂદ, સ્વામીરૂપ પ્રભુની આનંદમય ચાકરી, આપણા દિવ્ય પ્રેમીનો તીવ્ર પ્રેમ. માનવશરીરમાંના જીવન માટેના આ સાત પરમ આનંદાનુભવો છે. આ બધાંને તું એક જ પરમ અને ઈન્દ્રધનુષના રંગવાળા સંબંધમાં શું ભેગાં કરી શકે છે ? તો પછી તારે કોઈ સ્વર્ગની જરૂર રહેતી નથી અને તું અદ્વૈતવાદીના મોક્ષ કરતાં આગળ વધી જાય છે.**

❈

**સેમાઈટ લોકોએ માનવજાતિ સમક્ષ ભગવાનને એવી રીતે રજૂ કર્યા છે કે જાણે તે એક કઠોર અને પ્રતાપી રાજા હોય, ગંભીર ન્યાયાધીશ હોય, અને તેઓ કશામાંથી પણ ગમ્મત-રમૂજ ન લઈ શકતા હોય. પણ જેમણે કૃષ્ણને જાણ્યા છે એવા અમે ભગવાનને ક્રીડામાં મજા માણતા બાળક તરીકે, તોફાની, આનંદપૂર્ણ હાસ્યખોર તરીકે ઓળખીએ છીએ.**

❈

**તારી નબળાઈથી મૂર્ખ બનેલ હે માનવ, ભયના બુરખા વડે ભગવાનના મુખને ઢાંકીશ નહિ. વરદાનની ભીખ માગતી નબળાઈ સહિત ભગવાન સમક્ષ ઉપસ્થિત થતો નહિ. અને જો ! પછી ભગવાનના મુખ પર તને રાજાની તેમ જ એક ન્યાયાધીશની ગંભીરતા નહિ, પરંતુ પ્રીતમનું સ્મિત દેખાશે.**

❈

**માયાવાદી વ્યક્તિતાથી પર એક અનિર્વચનીય એવા અસ્તિત્વનું દર્શન કરે છે; હું તેની પાછળ પાછળ ગયો અને એ અસ્તિત્વથી પણ પર મારા કૃષ્ણને એક અનિર્વચનીય વ્યક્તિ સ્વરૂપમાં મેં નિહાળ્યા.**

❈

**જે તત્ત્વજ્ઞાનીઓ જગતને માયા સમજી ત્યજી દે છે તેઓ ઘણા જ્ઞાની, તપસ્વી અને પવિત્ર છે, પરંતુ કોઈક વાર મને આ પ્રકારનો વિચાર આવ્યા વિના રહેતો નથી કે એ તત્ત્વજ્ઞાનીઓ થોડા મૂર્ખ પણ છે ! કારણ કે પ્રભુ તેઓને આટલી સહેલાઈથી છેતરી જાય તેમ તેઓ થવા દે છે !**

❈

**નાસ્તિકતા એ ભગવાનની અનુભૂતિના ઉચ્ચતમ સ્વરૂપનો પડછાયો અથવા અંધારી બાજુ છે. ભગવાનને માટે આપણે જે જે સૂચક-સૂત્રો બનાવીએ છીએ તે સર્વ, પ્રતીકો તરીકે હંમેશાં સાચાં હોવા છતાં જ્યારે આપણે તેમને સર્વાંગસંપૂર્ણ માની લઈએ છીએ ત્યારે તે સૂચક-સૂત્રો અસત્ય બની જાય છે. નાસ્તિક તેમ જ અજ્ઞેયવાદીનું આગમન આપણને આપણી આ ભૂલ દર્શાવવા માટે થાય છે.**

❋

**મારા પ્રીતમે મારા પાપનું વસ્ત્ર હરી લીધું અને આનંદપૂર્વક મેં તેને સરી જવા દીધું. પણ પછી તેણે મારા પુણ્યના વસ્ત્રને ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો, અને હું શરમાઈ ગયો, ડરી ગયો, અને મેં તેમને તેમ કરતાં રોક્યા. પણ મારી સાથે કુસ્તી કરીને બળજબરીથી તેમણે મારું પુણ્યનું વસ્ત્ર જ્યારે ખૂંચવી લીધું ત્યારે જ મને સમજાયું કે મારો આત્મા મારાથી કેટલો બધો ગુપ્ત હતો !**

❋

**જીવન, જીવન, જીવન, વાસનાઓને હું બૂમ પાડતી સાંભળું છું; પ્રભુ, પ્રભુ, પ્રભુ, આ છે આત્માનો ઉત્તર. જ્યાં સુધી તું જીવનને પ્રભુ તરીકે જ નહિ જુએ અને પ્રભુ તરીકે જ જીવનને પ્રેમ નહિ કરે ત્યાં સુધી જીવન પોતે જ તારે માટે એક રોકી રાખવામાં આવેલ આનંદરૂપ બની રહેશે.**

❋

**ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ તેમ જ દુષ્ટમાં દુષ્ટ ગુનેગારને જો તું પ્રેમ ન કરી શકે તો પછી તું કેવી રીતે માની શકે છે કે તેં તારા આત્માની અંદર પ્રભુને સ્વીકારેલા છે ?**

❋

**આપણને ટટાર અને મદદ વિના ચાલવામાં મળેલી સફળતા માટે આપણે આપણા અજ્ઞાનમાં બાળકોની જેમ મગરૂર બની જતા હોઈએ છીએ અને એટલા બધા ઉતાવળા બની ગયેલા હોઈએ છીએ કે આપણા ખભા ઉપર આપણને સ્થિર રાખતો માતાનો સ્પર્શ પ્રાપ્ત થયો હોય છે તે વિશે સભાન રહેતા નથી. પછી આપણા અજ્ઞાનમાંથી જાગીને આપણે જ્યારે ભૂતકાળ પર નજર કરીએ છીએ ત્યારે આપણને સમજ પ્રાપ્ત થાય છે કે પ્રભુ આપણને હંમેશ દોરી રહ્યા હતા અને ટકાવી રાખતા હતા.**

❋

**હું ભક્ત નથી, જ્ઞાની નથી. પ્રભુને ખાતર કાર્ય કરનાર માણસ નથી. તો પછી હું શું છું ? મારા સ્વામીના હાથનું હથિયાર, દૈવી ગોવાળિયો બજાવી રહ્યો છે એ બંસરી હું છું. પ્રભુના ઉચ્છ્‌વાસથી હાલતું એક પાંદડું છું હું.**

**શ્રી અરવિન્દ**

(Thoughts and Aphorisams)



# ભક્તની દિવ્ય પ્રકૃતિ

.... દિવ્ય પ્રકૃતિનું સ્વરૂપ શું છે ? ગીતાનો માર્ગ જે ભક્ત ગ્રહણ કરે તથા શાશ્વત પરમની જે ભક્ત ભક્તિ કરતો હોય તેની ચેતનાની અને સત્-ની વધારે ઉચ્ચ સ્થિતિ કેવી હશે ? આ પ્રશ્નનો ઉત્તર થોડા શ્લોકોમાં ગીતા આપે છે. તેમાં આરંભમાં જે આગ્રહી માગણી કરી હતી તેનું પુનરુચ્ચારણ કરે છે : સમતા, નિષ્કામતા અને આત્માની મુક્તિના ઉપર તે ભાર દે છે. આ ત્રણ યોગસાધનાના પાયા તરીકે હંમેશા આવશ્યક છે. એટલા માટે જ આરંભમાં એ વસ્તુઓ ઉપર એટલો બધો ભાર દેવામાં આવ્યો હતો. એ સમતાની સ્થિતિમાં પુરુષોત્તમ સ્વરૂપ પરમાત્મા માટે પ્રેમ અને ભક્તિ જાગ્રત થતાં સાધકનો આત્મા કોઈ ઊંચામાં ઊંચી અને મહાનમાં મહાન એવી પૂર્ણતાની કોટિએ પહોંચે છે જેનો વિશાળ પાયો એ સ્થિર સમતા બની રહે છે. એ સમતાવાળી મૂળની ચેતનાનાં અહીં જુદાં જુદાં સ્વરૂપો, જુદાં જુદાં સમીકરણો ગીતા આપે છે. પહેલું તો એ છે કે એવી સમતામાં અહંતાનો, હું-પણાનો અને ''મમ''ત્વનો અભાવ હોય છે, - **निर्ममो निरहंकारः ।** (૨.૭૧) પુરુષોત્તમનો સાચો ભક્ત તે છે જેનું હૃદય વિશ્વ-વિશાળ હોય તથા જેણે પોતાના મનના અહંકારની સાંકડી ભીંતોને તોડીને જમીનદોસ્ત કરેલી હોય, એના હૃદયમાં વિશ્વ પ્રત્યેનો પ્રેમ નિવાસ કરે છે, એના હૃદયમાંથી વિશ્વ પ્રત્યે કરુણાનો પ્રવાહ સમુદ્ર પેઠે ચારે તરફ ફરી વળતો વહેતો હોય છે. એનામાં સર્વ પ્રાણીઓ માટે મૈત્રી અને દયા હોય છે, તથા કોઈ પણ પ્રાણી માટે દ્વેષની લાગણી તેનામાં હોતી નથી; કારણ કે તે ધીર, સહનશીલ, ક્ષમાનો ઝરો હોય છે. એની ચેતના, કામનારહિત થયેલી હોઈ સુખ અને દુઃખ, હર્ષ અને શોક બંને પ્રત્યે તેનામાં પ્રશાંત સમતા હોય છે, તે 'સંયમાત્મા' -પોતાના ઉપર સંયમવાળો હોય છે. એના સંકલ્પ અને નિશ્ચય દૃઢ હોય છે, એવો ભક્ત પોતાનું મન અને બુદ્ધિ પરમાત્માને અર્પણ કરે છે, - પરમાત્મા જ એની ચેતના અને જ્ઞાનનો માલિક હોય છે, અથવા તો, એ ભક્ત નિમ્ન પ્રકૃતિની અશાંત અને દુઃખિત સ્થિતિમાંથી હર્ષ, શોક, અને ભય તથા ચિંતા, ક્રોધ અને કામના વગેરેની વૃત્તિઓથી મુક્ત થયેલો હોઈ સ્થિર આત્માવાળો બનશે. એવો આત્મા આ લોકને કોઈ પ્રકારનો ઉદ્વેગ કરાવતો નથી. તથા આ જગત તેને કશું દુઃખ આપી શકતું નથી. એટલે કે તેનો

આત્મા શાંતિનો બનેલો હોઈ એની સાથે સઘળું જગત પણ શાંતિભર્યો સંબંધ અનુભવશે.

અથવા તો, એ ભક્ત પોતાના અંદરના સ્વામી પરમાત્માને પોતાની સર્વ કામનાઓ અને સર્વ કર્મો સમર્પણ કરી દેશે. પોતે શુદ્ધ, શાંત ઉદાસીન, કોઈ પણ ઘટના કે પરિણામથી દુઃખ ન પામનારો, એવો હશે. એવો ભક્ત ''સર્વારંભ પરિત્યાગી'' હોય છે. - એટલે કે પોતાના અંતરમાંથી અહંપ્રધાન, અંગત અને માનસિક આરંભને તે દૂર કરી દેશે તથા પોતાના સંકલ્પો, પૂર્વગ્રહો અને કામનાઓથી જરા પણ ચલિત થયા વિના તે પોતાની અંદર પરમાત્માની દિવ્ય શક્તિને અને તેના દિવ્ય જ્ઞાનને પ્રગટ થવાનો માર્ગ કરી આપશે. પરંતુ એ પ્રમાણે કરતો હોવાથી જ પોતાની પ્રકૃતિનાં સર્વ કાર્યોમાં તે ત્વરાવાળો અને કુશળ હોય છે. કારણ કે પરમ શાશ્વતના સંકલ્પ સાથે અસ્ખલિત એકતા સ્થાપન થવા દેવી, અને એ પ્રમાણે પોતે વિશુદ્ધ કરણભાવ પ્રાપ્ત કરવો એ કર્મ કરવામાં મોટામાં મોટી કુશળતા છે. વળી,એવો ભક્ત પ્રિય વસ્તુઓને માટે કામના કરતો નથી, તથા એમનો સ્પર્શ થતાં હર્ષ પામતો નથી. અથવા, અપ્રિયની પ્રાપ્તિ થતાં તેમનો દ્વેષ કરતો નથી તથા તેને માટે શોક કરતો નથી. શુભ અને અશુભ ઘટનાઓ વચ્ચેનો ભેદ તેણે દૂર કરી દીધેલો હોય છે, કારણ કે સર્વ વસ્તુઓ શાશ્વત પ્રણયી અને પ્રભુ પ્રત્યેથી આવે છે એમ જાણતો હોવાથી એની ભક્તિ સમતાપૂર્વક એ સૌનો સ્વીકાર કરે છે. પ્રભુને પ્રિય એવો ભક્ત વિશાળ સમતાવાળો હોઈ શત્રુ તથા મિત્ર પ્રત્યે, માન તથા અપમાન પ્રત્યે, સુખ અને દુઃખ પ્રત્યે, નિંદા અને સ્તુતિ પ્રત્યે હર્ષ અને શોક પ્રત્યે, શીત અને ઉષ્ણ પ્રત્યે એટલે કે સામાન્ય પ્રકૃતિને જે વસ્તુઓ પોતાના વિરોધી ભાવથી અશાંત કરી મૂકે છે તે સર્વ પ્રત્યે તે સમભાવવાળો હોય છે. એનામાં કોઈ વ્યક્તિને માટે, વસ્તુને માટે, સ્થાન કે નિવાસ માટે આસક્તિ હોતી નથી. ગમે તે પ્રકારની પરિસ્થિતિમાં, માનવની ગમે તેવી વૃત્તિ એના પ્રત્યે હોય તેમાં પણ,-એની સાથે ગમે તે પ્રકારનો સંબંધ આજુબાજુના માણસો ધારણ કરે, જીવનમાં પોતાને ગમે તે સ્થાન કે ગમે તેવું પ્રારબ્ધ મળે, તો પણ એ તો હંમેશા સંતુષ્ટ અને સુખી રહે છે. એવો ભક્ત પોતાના મનને સ્થિર અને દૃઢ રાખી શકે છે, કારણ કે એનું મન સતત પોતાના આત્માના ઊંચામાં ઊંચા સ્વરૂપમાં સ્થાપન થયેલું હોય છે; તથા પોતાનાં પ્રેમ અને ભક્તિના એકમાત્ર વિષયના ઉપર, - એટલે કે પ્રભુના ઉપર, - તેનું મન સદા સ્થિર થયેલું હોય છે. આ મહાન પ્રકારની મુકિત પ્રાપ્ત કરવા માટે તેના સંપૂર્ણ પાયા તરીકે ગીતા હંમેશા સમતા, નિષ્કામતા



તથા નિમ્ન પ્રકૃતિને વશ એવી અહંપ્રધાન પ્રકૃતિ અને તેની આગ્રહી માગણીઓમાંથી મુક્તિ, એ ત્રણ વસ્તુઓની માગણી કરે છે. ગીતાના છેવટના અધ્યાયોમાં એણે શરૂઆતમાં જે મૌલિક ઉપદેશ આપ્યો હતો તેનું તથા મૂળ ઈષ્ટ વસ્તુનું તે પુનરાવર્તન કરે છે. એટલે કે સઘળી વસ્તુઓમાં એક જ આત્માને જુએ એવી સ્થિર જ્ઞાનની અવસ્થા, તથા એ આત્માજ્ઞાનમાંથી આપોઆપ ફલિત થતી પ્રશાંત, અહં વિનાની સમતા, એ સમતામાં સ્થિર થઈને સર્વ કર્મોના સ્વામી પ્રભુને પોતાના નિષ્કામ ભાવે કરેલાં કર્મો આહુતિ રૂપે અર્પણ કરવાનો અભ્યાસ, તથા પોતાના અંતરમાં નિવાસ કરી રહેલ સમર્થ દિવ્ય પરમાત્માને પોતાની સમગ્ર માનસિક પ્રકૃતિનું સંપૂર્ણ સમર્પણ - એ આધ્યાત્મિક અનુભૂતિઓ પર જ ગીતા ફરી ફરીને ભાર દે છે. આ સમતાનું સૌથી ઉન્નત શિખર જ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત ભક્તિ છે અને કરણભાવને ધારણ કરીને કરેલાં કર્મોમાં એ ભક્તિ પોતાની સાર્થકતાને પ્રાપ્ત કરે છે. વળી એ ભક્તિ સર્વ પ્રાણીઓ તથા સઘળા પદાર્થો પ્રત્યે વિસ્તાર પામે છે. આખા વિશ્વનો જે મહેશ્વર છે. સર્જક છે. તે દિવ્ય પરમાત્મા પ્રત્યે એક વિશાળ, સર્વગ્રાહી, સર્વને પોતાનામાં સમાવે એવા પ્રત્યેનું સ્વરૂપ તે ધારણ કરે છે. **सुहृदं सर्वभूतानाम् सर्वलोक महेश्वरम्** (પૃ. ૨૯).

**શ્રી અરવિન્દ**

(ગીતા નિબંધો પૃ. ૪૮૧ થી ૪૮૪)

**ભક્તિ જો કાર્ય અને જ્ઞાનમાં ન પરિણમે**
**તો એ એની સાર્થકતાને પામી શકતી નથી.**

**શ્રી અરવિન્દ**

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાની Women's Council ના ઉપક્રમે તા. ૧ થી ૫ મે ૦૯ દરમિયાન સાંજે ૪ થી ૭ ના સમયે ૧૦ થી ૧૪ વર્ષની બાળાઓ માટે સર્વાંગી વિકાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કુલ ૩૪ બાળાઓએ ભાગ લીધો હતો.

શિબિરમાં શારીરિક વ્યાયામ, વાર્તાકથન, સામાન્ય જ્ઞાન વિશે પ્રશ્નોત્તરી, ઉખાણા, સમૂહમાં દેશભક્તિગીતનું ગાન તેમજ કલા વિષયક વસ્તુઓની બનાવટના કાર્યક્રમો થયા. શિબિર દરમિયાન બાળાઓએ સેટીનનાં ફૂલો, સુંદર પેન સ્ટેન્ડ તેમ જ કાગળની ફોટો ફ્રેમ તૈયાર કરી હતી. એ બધી વસ્તુઓનું પ્રદર્શન છેલ્લે દિવસે યોજવામાં આવ્યું હતું.

શિબિરમાં શારીરિક વ્યાયામનું સંચાલન શ્રીમતી શોભનાબહેન પરમારે કર્યું. કલાવિષયક વસ્તુઓની બનાવટમાં બાળાઓને વિશાખાબહેન દવેએ માર્ગદર્શન આપ્યું. શ્રીમતી રાજશ્રીબહેન જાધવે સુંદર માછલીઘરનું નિર્માણ ડીશની અંદર વિવિધ આકારના પથ્થરોમાંથી તેમજ રંગની મદદથી કર્યું હતું.

તા. ૧૧-૫-૦૯ થી ૧૭-૫-૦૯ દરમિયાન Women's Council દ્વારા સાંજે ૫ થી ૭ ના સમયમાં ૧૫ થી ૨૦ વર્ષની કન્યાઓ માટે કલાશિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૧૯ કન્યાઓએ ભાગ લીધો.

શિબિરના કાર્યક્રમોમાં શ્રીમતી પારુલબહેન જરાદીએ રેશમી રીબીન તથા અવરગંડી કોટનમાંથી સુંદર પુષ્પો બનાવવાની કળા શીખવી. સુશ્રી જલ્પાબહેન શાહે આકર્ષક ફોટોફ્રેમ, હાથરૂમાલ પર ડિઝાઈન તેમજ નવીન પ્રકારનો શો પીસ તૈયાર કરવાનું બાળાઓને શીખવ્યું. છેલ્લા બે દિવસો દરમિયાન શ્રીમતી રાજશ્રીબહેન જાધવે સુંદર ફલાવર વાઝ તથા સુશોભિત વોલપીસ તૈયાર કરાવ્યા હતા.

બંને શિબિરોમાં ભાગ લેનાર બાળાઓએ રસપૂર્વક ભાગ લીધો અને નિયમિતપણે આવા શિબિરોનું આયોજન થતું રહે એવી ઇચ્છા પ્રકટ કરી.

❋❋❋

શ્રી અરવિન્દ સોસાયટી, જામનગર શાખાના ઉપક્રમે તા. ૧૭-૦૫ થી ૨૫-૦૫-૦૯ દરમિયાન દરરોજ સાંજે ૭ થી ૯ શ્રી અરવિન્દ રચિત



મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર શ્રી અશ્વિનભાઇ કાપડિયાના પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અશ્વિનભાઇએ તા. ૧૮-૦૫ થી ૨૪-૦૫-૦૯ દરમિયાન સવારે ૯ થી ૧૦ ના સમયે શ્રી માતાજીની 'પ્રાર્થનાઓ અને ધ્યાન' પર પણ પ્રવચનો રજૂ કર્યા. જામનગરના શહેરીજનોએ ઉપયુક્ત કાર્યક્રમોમાં સારી સંખ્યામાં હાજરી આપી. કાર્યક્રમની વિડિયો ફિલ્મ પણ ઉતારવામાં આવી છે.

❋❋❋

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે પ્રતિવર્ષ યોજાતા 'શ્રી અરવિન્દના ગ્રંથોના અભ્યાસના વર્ગો' નું આયોજન આ વર્ષે તા. ૨૬ મે થી ૧ જૂન દરમિયાન શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખા, તેમજ શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. વડોદરા તેમજ ગુજરાતભરનાં કેન્દ્રોમાંથી ૩૦ વ્યક્તિઓએ આ વર્ગોમાં ભાગ લીધો. કાર્યક્રમમાં રોજ સવારે ૯-૩૦ થી સાંજે ૫-૩૦ દરમિયાન ૭ વર્ગોનું આયોજન થતું હતું. શ્રી અરવિન્દના વિધવિધ ગ્રંથોનો પરિચય / અભ્યાસ ગુજરાતના સાધકોએ કરાવ્યો. શ્રી અનિરુદ્ધભાઇ સ્માર્ત, શ્રી કેવલ્ય સ્માર્ત, શ્રી ગોવર્ધનભાઇ દવે, શ્રી જ્યોતિબહેન થાનકી, ડૉ. રમણલાલ પાઠક, શ્રી શરદભાઇ જોષી, શ્રી કિરીટભાઇ ઠક્કર, શ્રી પરાશરભાઇ દ્વિવેદી, શ્રી નરેન્દ્ર પટેલ તથા શ્રી નીલકંઠ જોષીએ જુદા જુદા વિષયો પર વર્ગો લીધા. કાર્યક્રમનું સંકલન શ્રી નીલકંઠ જોષી, તથા શ્રી કિરીટભાઇ ઠક્કરે કર્યું. અભ્યાસવર્ગો દરમિયાન ભાગ લેનાર સાધકો શ્રી અરવિન્દ નિવાસમાં જ રહે છે અને એમની બધી વ્યવસ્થા નિવાસ પર જ કરવામાં આવે છે. ગુજરાતનાં કેન્દ્રો પર કાર્ય કરનાર વ્યક્તિઓને શ્રી અરવિન્દ દર્શન વિશે વાકેફ કરવાના હેતુસર આ અભ્યાસવર્ગોનું આયોજન વડોદરામાં ૧૯૯૩ના વર્ષથી નિયમિતપણે કરવામાં આવે છે.

❋❋❋

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે મે, ૦૯ દરમિયાન નીચે મુજબ કાર્યક્રમોનાં આયોજનો થયાં.

- ☆ ૩ થી ૫ મે દરમિયાન નાનાં બાળકો માટે યોગાસન / સંસ્કાર શિબિરનું આયોજન. ૨૫ બાળકોએ ભાગ લીધો. બાળકોને આદર્શ બાળક પુસ્તિકા ભેટ આપવામાં આવી. શિબિર સંચાલન શ્રી રમણભાઇ શ્રી માળી તથા ડૉ. તન્નાએ કર્યું.
- ☆ ૩૦ મે ૦૯ ના રોજ શ્રી જ્યોતિબહેન થાનકીનું 'દૈનિક જીવનમાં સાધના' વિષય પર પ્રવચન.

☆ ૩૧-૦૫-૦૯ શ્રી અરવિન્દના પોંડિચેરી આગમનની શતાબ્દી તેમજ શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપનાની સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી માટેના કાર્યક્રમોની વિચારણા માટે ઉત્તર ગુજરાતનાં કેન્દ્રો તેમજ નડિયાદ કેન્દ્રના સાધકોની મીટિંગનું આયોજન. ૩૦ સાધકોએ હાજરી આપી 'સર્વાંગી શિક્ષણ' નો Project આગળ ધપાવવાનું નક્કી કર્યું. અને એને માટે વિદ્યાર્થીઓને 'સર્વાંગી શિક્ષણ' પુસ્તક અગાઉથી આપી પરિસંવાદો યોજવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જે કેન્દ્રો સહકાર સાધવા તૈયાર હોય તેઓને નિમંત્રણ છે. રસ ધરાવનારે ગાંધીનગર કેન્દ્રનો સંપર્ક કરવો.

❊❊❊

## જાહેરાત

શ્રી અરવિન્દ સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મુકામે શ્રી અરવિન્દ દ્વારા પ્રબોધિત પૂર્ણયોગ વિશેના વાર્તાલાપોના વાર્ષિક કાર્યક્રમનું આયોજન ૧૩ ને ૧૪ ઓગસ્ટ, દરમિયાન કરવામાં આવનાર છે. ૧૫ ઓગસ્ટના રોજ દર્શન દિવસ છે.

❊

૧૬ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન 'સાવિત્રી અધ્યયન સત્રો' નું આયોજન બીચ ઓફિસ હૉલ ખાતે કરવામાં આવ્યું છે. સત્રોનું સંચાલન ડૉ. અલોક પાન્ડે કરશે.

❊❊❊

શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપ શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખા દ્વારા શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે તા. ૧૪, ૧૫ ને ૧૬ ઓગસ્ટ દરમિયાન રાજ્યકક્ષાના યુવાશિબિરનું આયોજન કરવામાં આવનાર છે. શિબિરમાં ૧૫ થી ૩૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકે છે. ગુજરાતનાં સર્વે કેન્દ્રો / શાખાને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ શિબિરમાં જોડાવા માગતા હોય એ યુવાનોના નામ-સરનામા મોડામાં મોડા ૩૧ જુલાઈ સુધી મંત્રી-શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાને મોકલી આપે. ફોન નં. ૨૪૧૨૬૮૫(૦૨૬૫)

❊❊❊



# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. અખિલ ભારત પત્રિકા 'અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | |
|---|---|
| ૧ વર્ષ રૂા. ૧૫૦/- | ૧૦ વર્ષ રૂા. ૩૦૦૦/- |
| ૩ વર્ષ રૂા. ૪૪૦/- | ૧૫ વર્ષ રૂા. ૧૦,૦૦૦/- |
| ૫ વર્ષ રૂા. ૭૩૦/- | |

૬. ભારતમાં અખિલ ભારત પત્રિકા-અર્પણનું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- છે. આજીવન લવાજમ રૂા. ૧૨૦૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઇ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફ્ટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક. અ.ભા. પત્રિકા-અર્પણ-રવાનગી વિભાગ શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઇ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને અર્પણ મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

**Matter shall reveal the Spirit's face**

*Sri Aurobindo*

**મુખપૃષ્ઠ કવર**

આ પુષ્પોને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ

**રાધાની ચેતના**

રાધા તો ભગવાનને માટેના નિરપેક્ષ પ્રેમનું મૂર્ત સ્વરૂપ છે. રાધાનો પ્રેમ એટલે ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાથી તે છેક નીચેમાં નીચેની સ્થૂલ ભૂમિકા સુધી પ્રકૃતિમાં સઘળે વ્યાપી ગયેલો, એવો સમગ્ર પ્રેમભાવ. એ ભાવને પરિણામે નિરપેક્ષ આત્મોત્સર્ગ – સંપૂર્ણ આત્મસમર્પણ – પ્રકૃતિના એકેએક ભાગમાં સ્થાપન થાય છે અને શરીરના રોમેરોમમાં તે દિવ્ય આનંદનું અવતરણ કરવાની અભીપ્સા કરે છે તથા અત્યંત જડ પદાર્થતત્ત્વમાં તેને લઈ આવે છે.

**શ્રી અરવિન્દ**



***બહુ થોડા લોકો, બહુ જ થોડા, મંદિર કે ચર્ચમાં સાચી (ધાર્મિક) ભાવના સહિત જતા હોય છે, એટલે કે પ્રાર્થના કરીને ઈશ્વર પાસે કશું માગવા નહિ પણ પોતાની જાતનું અર્પણ કરવા માટે જનારા, અભીપ્સા સહિત તેમજ પોતાનું સમર્પણ કરી દેવા માટે જનારા લોકો બહુ ઓછા છે. લાખોમાં એક વ્યક્તિ ભાગ્યે જ આવી હોય છે.***

***પ્રકૃતિની ઉત્ક્રાંતિમાં આત્મા જે જાતની ચેતનાને અને જે ભૂમિકાને પ્રાપ્ત થયો હશે તે મુજબનો તેનો ઉપાસ્ય દેવ હશે, અને પોતાની કક્ષાને અનુસારના આનંદની જ તે ખોજ કરશે, અને તેને અનુરૂપ આશા સહિત તે યજ્ઞ કરશે.***

***શ્રી અરવિન્દ***

(અંક ૧૦ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

*- શ્રી અરવિન્દ*

❋

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

❋